# બોર્ડર-ગાવસ્કર ટ્રોફી માટેના સ્થળોમાં અમદાવાદ સામેલ

**ભારતીય** ટીમ 2027ની હોમ સિઝનમાં પાંચ ટેસ્ટ, 9 વન ડે અને 8 ટી-20 રમશે

**વેસ્ટઇન્ડિઝ**, ઝિમ્બાબ્વે, ઓસ્ટ્રેલિયા અને શ્રીલંકાની ટીમો ભારતના પ્રવાસે આવશે

**ભારતીય** ટીમની હોમ સિઝનમાં 17 શહેરોમાં 22 મેચ બહુવિધ ફોર્મેટમાં રમાશે

### વેસ્ટ ઇન્ડીઝના ભારત પ્રવાસનો કાર્યક્રમ

| મેચ | તારીખ | સમય | સ્થળ |
|---|---|---|---|
| પહેલી વનડે | 27 સપ્ટેમ્બર | બપોરે 2.00 વાગ્યે | ત્રિવેન્દ્રમ |
| બીજી વનડે | 30 સપ્ટેમ્બર | બપોરે 2.00 વાગ્યે | ગુવાહાટી |
| ત્રીજી વનડે | 3 ઓક્ટોબર | બપોરે 2.00 વાગ્યે | નવું ચંદીગઢ |
| પ્રથમ ટી20 | 6 ઓક્ટોબર | સાંજે 7.00 વાગ્યે | લખનૌ |
| બીજી ટી20 | 9 ઓક્ટોબર | સાંજે 7.00 વાગ્યે | રાંચી |
| ત્રીજી ટી20 | 11 ઓક્ટોબર | સાંજે 7.00 વાગ્યે | ઇન્દોર |
| ચોથી ટી20 | 14 ઓક્ટોબર | સાંજે 7.00 વાગ્યે | હૈદરાબાદ |
| પાંચમી ટી20 | 17 ઓક્ટોબર | સાંજે 7.00 વાગ્યે | બેંગ્લોર |

### ઓસ્ટ્રેલિયાનો ભારત પ્રવાસનો કાર્યક્રમ

| મેચ | તારીક | સ્થળ | સમય |
|---|---|---|---|
| પ્રથમ ટેસ્ટ | 21-25 જાન્યુઆરી | નાગપુર | સવારે 9.30 વાગ્યાથી |
| બીજી ટેસ્ટ | 29 જાન્યુઆરીથી 2 ફેબ્રુઆરી | ચેન્નાઇ | સવારે 9.30 વાગ્યાથી |
| ત્રીજી ટેસ્ટ | 11થી 15 ફેબ્રુઆરી | ગુવાહાટી | સવારે 9.30 વાગ્યાથી |
| ચોથી ટેસ્ટ | 19થી 23 ફેબ્રુઆરી | રાંચી | સવારે 9.30 વાગ્યાથી |
| પાંચમી ટેસ્ટ | 27 ફેબ્રુઆરીથી 3 માર્ચ | અમદાવાદ | સવારે 9.30 વાગ્યાથી |

નવી દિલ્હી, તા. 26 : ગયા વર્ષે નવેમ્બરમાં દક્ષિણ આફ્રિકા સામે ટેસ્ટ મેચનું આયોજન કર્યા પછી, ગુવાહાટીનું બારસાપારા સ્ટેડિયમ હવે 2027માં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે બોર્ડર ગાવસ્કર ટ્રોફીની પાંચ મેચોમાંથી એકનું આયોજન કરશે. આ સાથે પાંચ ટેસ્ટના આયોજન સ્થળોમાં ચેન્નાઇ, અમદાવાદનો પણ સમાવેશ કરાયો છે.

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઇ)એ ગુરુવારે સિનિયર પુરુષ ટીમની સ્થાનિક સિઝનનું કેલેન્ડર બહાર પાડ્યું જેમાં પાંચ ટેસ્ટ, નવ વન ડે અને આઠ ટી-20 મેચનો સમાવેશ થાય છે. આ પાંચેય ટેસ્ટ ઓસ્ટ્રેલિયા સામેની બોર્ડર-ગાવસ્કર ટ્રોફી હેઠળ રમાશે. આ સીરિઝ જાન્યુઆરી અને ફેબ્રુઆરી 2027 દરમિયાન રમાશે. ઓસ્ટ્રેલિયા સામેની ટેસ્ટના આયોજન માટેના પાંચ સ્થળોમાંથી, નાગપુર અને અમદાવાદે છેલ્લે 2023માં ઓસ્ટ્રેલિયા સામેની ટેસ્ટનું જ્યારે ચેન્નાઈએ છેલ્લે 2024માં બાંગ્લાદેશ સામે અને રાંચીએ છેલ્લે 2024 માં ઇંગ્લેન્ડ સામે ટેસ્ટ મેચનું આયોજન કર્યું હતું. આ તમામને રોટેશન નીતિ અનુસાર યજમાનીના અધિકારો આપવામાં આવ્યા છે. ગુવાહાટીએ તો ગયા વર્ષે જ દક્ષિણ આફ્રિકા સામેની ટેસ્ટની યજમાની કરી હતી.

ભારતના ઘરઆંગણે યોજનારી સિઝનમાં વેસ્ટ ઈન્ડીઝ, શ્રીલંકા, ઝિમ્બાબ્વે અને ઓસ્ટ્રેલિયા ભાગ લેશે, જેમાં 17 શહેરોમાં 22 ઈન્ટરનેશનલ મેચો બહુ-ફોર્મેટ કાર્યક્રમમાં યોજાશે. તેમાંથી, બોર્ડર-ગાવસ્કર ટ્રોફી, ઈતિહાસ અને હરીફાઈની તીવ્રતાને ધ્યાનમાં રાખીને, અલગ પડે છે. આ સીરિઝ 21 જાન્યુઆરી, 2027ના રોજ નાગપુરમાં શરૂ થશે, ત્યારબાદ બીજી ટેસ્ટ ચેન્નાઈમાં અને ત્રીજી ટેસ્ટ ગુવાહાટીમાં રમાશે. રાંચી અને અમદાવાદ અનુક્રમે ચોથી અને પાંચમી ટેસ્ટનું આયોજન કરશે, જે વ્યાપક ભૌગોલિક ફેલાવાને સુનિશ્ચિત કરશે. ભારતે છેલ્લી વખત 2022-23 માં બોર્ડર-ગાવસ્કર ટ્રોફીનું આયોજન કર્યું હતું, જ્યારે યજમાન ટીમે 2-1 થી શ્રેણી જીતી હતી.

### રોહિત અને કોહલી ઘરઆંગણે નવ વન ડે રમી શકે

હોમ સિઝન દરમિયાન ભારતીય ટીમ કુલ નવ વન ડે રમવાનું છે અને તે મેચો ચોક્કસપણે બધાના ધ્યાનનું કેન્દ્ર હશે, કારણ કે વિરાટ કોહલી અને રોહિત શર્માની દિગ્ગજ જોડી તે બધી મેચમાં મળે તેવી અપેક્ષા છે. ભારતીય ટીમની હોમ સિઝનની શરૂઆત વેસ્ટ ઇન્ડિઝના 27 સપ્ટેમ્બર, 2026ના પ્રવાસ સાથે થશે. આ પ્રવાસમાં ત્રણ વન ડે અને પાંચ ટી-20 મેચ રમાશે. વેસ્ટઇન્ડિઝ પછી ઝિમ્બાબ્વે અને શ્રીલંકા સામે ત્રણ-ત્રણ વન ડેની સીરિઝ રમાશે.

### ગુવાહાટીનો રોટેશનમાં ફરી કેવી રીતે નંબર લાગ્યો તે સ્પષ્ટ નથી

ઓસ્ટ્રેલિયા સામેની પાંચ ટેસ્ટની સીરિઝની યજમાનીમાં ગત નવેમ્બરમાં દક્ષિણ આફ્રિકા સામેની ટેસ્ટની યજમાની કરનારા ગુવાહાટીની પસંદગી ફરી કેવી રીતે થઇ તે સ્પષ્ટ નથી. વળી મુંબઇ અને કોલકાતા આ મહત્વપૂર્ણ સીરિઝનો ભાગ નથી. ઓસ્ટ્રેલિયા સામેની ટેસ્ટ મેચનું આયોજન કરવામાં ક્રિકેટ એસોસિએશન ઓફ બંગાળ કે મુંબઈ ક્રિકેટ એસોસિએશને અસમર્થતા વ્યક્ત કરી હતી કે કેમ તે જાણી શકાયું નથી.


### ઝિમ્બાબ્વે 2002 પછી પહેલીવાર ભારતમાં દ્વિપક્ષિય સીરિઝ રમશે

ઝિમ્બાબ્વે 2002 પછી પહેલી વાર ભારતમાં દ્વિપક્ષીય સીરિઝ રમશે. છેલ્લી વખત જ્યારે તેઓ દ્વિપક્ષીય શ્રેણી માટે ભારતનો પ્રવાસ કર્યો હતો, ત્યારે ભારતીય ટીમનું નેતૃત્વ સૌરવ ગાંગુલીએ કર્યું હતું. ઝિમ્બાબ્વે જાન્યુઆરી 2027 માં ત્રણ મેચની વન ડે સીરિઝ માટે ભારતના પ્રવાસે આવશે. આ મેચોમાં પહેલી વન ડે ત્રીજી જાન્યુઆરીએ કોલકાતામાં, બીજી વન ડે છઠ્ઠી જાન્યુઆરીએ હૈદરાબાદમાં અને ત્રીજી વન ડે 9 જાન્યુઆરીએ મુંબઈમાં રમાશે.

# IPLનો બીજો તબક્કો 13 એપ્રિલથી 24 મે સુધી ચાલશે : BCCI

**બીજા** તબક્કામાં આઠ ડબલ હેડર અને પ્લેઓફની મેચો સહિત કુલ 50 મેચ રમાશે

**બીસીસીઆઇ** દ્વારા પ્લેઓફ મેચોના સ્થળોની જાહેરાત પછીથી કરવામાં આવશે



નવી દિલ્હી, તા. 26 (પીટીઆઇ) : ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઇ)એ ગુરુવારે ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ) 2026 ના લીગ તબક્કાનું સમયપત્રક જાહેર કરીને કહ્યું કે ટૂર્નામેન્ટનો બીજો તબક્કો 13 એપ્રિલથી 24 મે દરમિયાન યોજાશે. આ પહેલા જાહેર કરાયેલા પહેલા તબક્કા અનુસાર પ્રારંભિક રાઉન્ડ 28 માર્ચથી 12 એપ્રિલ સુધી ચાલશે.

આઇપીએલની શરૂઆત શનિવારે એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે ડિફેન્ડિંગ ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર અને સનરાઇઝર્સ હૈદરાબાદ વચ્ચેના મુકાબલાથી થશે. ફાઇનલ 31 મેના રોજ બેંગલુરુમાં રમાશે. બીસીસીઆઈના સચિવ દેબજીત સૈકિયાએ જણાવ્યું હતું કે, લીગ તબક્કાના બીજા ભાગમાં ૫૦ મેચો હશે. તે 13 એપ્રિલથી 24 મે, 2026 દરમિયાન ભારતના 12 સ્થળોએ યોજાશે. આ તબક્કાની મેચો બેંગલુરુ, મુંબઈ, ચેન્નાઇ, કોલકાતા, દિલ્હી, અમદાવાદ, હૈદરાબાદ, લખનૌ, જયપુર, ધર્મશાળા, રાયપુર અને નવા ચંદીગઢમાં યોજાશે.

તેમણે કહ્યું કે ટુર્નામેન્ટના આ મહત્વપૂર્ણ તબક્કામાં, ટીમો પ્લેઓફમાં સ્થાન મેળવવા માટે લડશે, જેનાથી મેચો વધુ સ્પર્ધાત્મક બનશે. બીજા તબક્કાની પહેલી મેચ 13 એપ્રિલે હૈદરાબાદમાં સનરાઇઝર્સ હૈદરાબાદ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે રમાશે. આ તબક્કામાં આઠ ડબલ-હેડર રમાશે.

પંજાબ કિંગ્સ તેમની હોમ મેચ ન્યૂ ચંદીગઢ અને ધર્મશાળામાં રમશે, જેમાં ધર્મશાળા ત્રણ મેચ રમશે. રાજસ્થાન રોયલ્સ તેમની ચાર હોમ મેચ જયપુરમાં રમશે. રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર બેંગલુરુમાં ત્રણ અને રાયપુરમાં બે મેચ રમશે. પ્લેઓફ મેચોના સ્થળોની જાહેરાત પછીથી કરવામાં આવશે.

# IPL 2026vનો ઉદ્દઘાટન સમારોહ ન યોજવા BCCIનો નિર્ણય

**ગત** વર્ષના નાસભાગ પીડિતોને શ્રદ્ધાંજલિ આપવા માટે ઓપનીંગ સેરેમની રદ કરવામાં આવી

નવી દિલ્હી, તા. 26 : ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઇ) એ આઇપીએલ 2026 ના ભવ્ય ઉદઘાટન અંગે એક મહત્વપૂર્ણ અને સંવેદનશીલ નિર્ણય લઇને ગયા વર્ષે બેંગલુરુમાં આરસીબીની ટાઇટલ જીતની ઉજવણી દરમિયાન થયેલી દુ:ખદ નાસભાગને કારણે 11 લોકોના મોત થવા મામલે તેમને શ્રદ્ધાંજલિ આપવા માટે આ વર્ષે ઉદ્દઘાટન સમારોહ ન યોજવાનું નક્કી કર્યું છે. બીસીસીઆઈના સચિવ દેવજીત સૈકિયાએ પુષ્ટિ કરી હતી કે 4 જૂન, 2025ના રોજ બેંગલુરુ દુર્ઘટનામાં જીવ ગુમાવનારા 11 પીડિતોની યાદમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. 28 માર્ચે એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે ડિફેન્ડિંગ ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર અને સનરાઇઝર્સ હૈદરાબાદ વચ્ચેની ઓપનીંગ મેચ પહેલા કોઈ સાંસ્કૃતિક કે મનોરંજન કાર્યક્રમો યોજાશે નહીં. દેવજીત સૈકિયાએ જણાવ્યું હતું કે ટુર્નામેન્ટ સાધારણ રીતે શરૂ થશે, પરંતુ 31 મેના રોજ ફાઇનલ મેચના દિવસે એક ભવ્ય સમાપન સમારોહ યોજાશે. આ પહેલા પુલવામા હુમલા બાદ 2019 માં આઈપીએલનો ઉદ્દઘાટન સમારોહને રદ કરવામાં આવ્યો હતો. તે સમયે, સમારોહ માટે ફાળવવામાં આવેલા ભંડોળ શહીદ સીઆરપીએફ સૈનિકોના પરિવારોને દાનમાં આપવામાં આવ્યું હતું.

# રિયો ઓલિમ્પિક્સ ચેમ્પિયન શટલર કેરોલિના મારિને નિવૃત્તિ લીધી

**મારિને** સોશિયલ મીડિયા પર એક વિડીયો સંદેશ શેર કરીને કહ્યું, મારી યાત્રા અહીં સમાપ્ત થાય છે

**મારિને** તેની કેરિયરમાં એક ઓલિમ્પિક્સ ગોલ્ડ અને ત્રણ વર્લ્ડ અને સાત યુરોપિયન ટાઇટલ જીત્યા



નવી દિલ્હી, તા. 26 : લાંબા સમયથી ઘૂંટણની ઈજાથી પરેશાન બેડમિન્ટન દિગ્ગજ કેરોલિના મારિને ગુરુવારે પોતાની વ્યાવસાયિક કારકિર્દીમાંથી નિવૃત્તિની જાહેરાત કરી. તેની કેરિયરમાં એક ઓલિમ્પિક ગોલ્ડ મેડલ અને ત્રણ વિશ્વ ચેમ્પિયનશિપ ટાઇટલનો સમાવેશ થાય છે.

મારિને સોશિયલ મીડિયા પર એક વિડીયો સંદેશ શેર કરીને કહ્યું, મારી યાત્રા અહીં સમાપ્ત થાય છે. તેણે કહ્યું કે ઈજાને કારણે, તેમણે પોતાના સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપીને સ્પર્ધાથી દૂર રહેવાનો મુશ્કેલ નિર્ણય લીધો. તેણે કહ્યું કે હું ઈચ્છતી હતી કે આપણે છેલ્લી વાર કોર્ટ પર મળીએ, પણ હું મારા શરીરનું જોખમ લેવા માંગતી ન હતી. ૩૨ વર્ષીય ખેલાડીએ ભારતની બે વખતની ઓલિમ્પિક્સ મેડલિસ્ટ પી.વી. સિંધુ સામે ઘણી યાદગાર મેચો રમી છે. તેણે રિયો 2016 ઓલિમ્પિક્સ અને 2018 વર્લ્ડ ચેમ્પિયનશિપની ફાઇનલમાં સિંધુને હરાવી હતી. તેની કારકિર્દીમાં ૨૦૧૪, ૨૦૧૫ અને ૨૦૧૮માં વર્લ્ડ ચેમ્પિયનશિપ, સાત યુરોપિયન ટાઇટલ અને ૨૦૧૬ ઓલિમ્પિક્સ ગોલ્ડ મેડલનો સમાવેશ થાય છે. મારીને પોતાની રમતગમત કારકિર્દી પર ગર્વ વ્યક્ત કરતા કહ્યું, મને રમતગમતની દુનિયામાં માત્ર ટાઇટલ માટે જ નહીં, પરંતુ મેદાન પર અને મેદાનની બહાર મેં મેળવેલા સન્માન માટે પણ મારી બધી સિદ્ધિઓ પર ખૂબ ગર્વ છે.

# એશિયા કપ સ્ટેજ 1 : કમ્પાઉન્ડ તીરંદાજો ઝળક્યા, રિકર્વે નિરાશ કર્યા

**રજત** ચૌહાણ અને ચિકિતા તાનીપાર્થીની ટોચની ક્રમાંકિત મિક્ષ્ડ જોડી ફાઇનલમાં

બેંગકોક, તા. 26 (પીટીઆઈ) : ભારતના કમ્પાઉન્ડ તીરંદાજોએ એશિયા કપ વર્લ્ડ રેન્કિંગ ટુર્નામેન્ટના પ્રથમ તબક્કામાં પોતાનું વર્ચસ્વ ચાલુ રાખ્યું, જેમાં રજત ચૌહાણ અને ચિકિતા તાનીપાર્થીની ટોચની ક્રમાંકિત મિક્ષ્ડ જોડી ફાઈનલમાં પહોંચી, પરંતુ રિકર્વ તીરંદાજોને નિરાશાનો સામનો કરવો પડ્યો.

ભારતે પહેલાથી જ બે બ્રોન્ઝ મેડલ મેળવી લીધા છે, જ્યારે પાંચ તિરંદાજ ફાઈનલમાં છે. વધુમાં, ભારત બે વધુ બ્રોન્ઝ મેડલ માટે સ્પર્ધામાં છે, જેનાથી તે ગયા વર્ષના પાંચ ગોલ્ડ, બે સિલ્વર, એક બ્રોન્ઝ સહિતના આઠ મેડલના રેકોર્ડને તોડવાની નજીક લાવે છે.

ટોચના ક્રમાંકિત જોડી તરીકે ક્વાર્ટર ફાઈનલમાં સીધો પ્રવેશ મેળવનાર ચૌહાણ અને તનિપાર્થિની મિક્ષ્ડ ટીમ જોડીએ ક્વાર્ટર ફાઈનલમાં ચાઈનીઝ તાઈપેઈને 159-155થી હરાવ્યું અને પછી સેમી ફાઈનલમાં ચોથા ક્રમાંકિત કઝાકિસ્તાનને 157-153થી હરાવ્યું. ભારતીય જોડીએ બંને મેચોમાં 32 તીરોમાંથી શક્ય 320 પોઈન્ટમાંથી ફક્ત ચાર પોઈન્ટ ગુમાવ્યા, જેનાથી તેમનું વર્ચસ્વ સાબિત થયું. આનાથી દેશ માટે તેમનો એકંદર છઠ્ઠો મેડલ સુનિશ્ચિત થયો. જોકે, રિકર્વ મિક્સ્ડ ટીમ ઈવેન્ટમાં, રૂમા બિસ્વાસ અને દેવાંગ ગુપ્તાની ટોચની ક્રમાંકિત જોડી ક્વાર્ટર ફાઈનલમાં વિયેતનામના થિ દાઓ લોક અને હોઆંગ ફી વુ ન્ગુયેન સામે સીધા સેટમાં હારી ગઈ.

# આફ્રિકા કપ ટાઈટલ મોરોક્કો પાસેથી પાછું મેળવવા સેનેગલની CAS માં અપીલ

**કોર્ટે** ફૂટબોલના ગરમાયેલા વિવાદમાં ચુકાદા તરફની લાંબી પ્રક્રિયા માટે કોઈ સમયમર્યાદા નક્કી કરી નથી

જિનીવા, તા. 26 (એપી) : આફ્રિકા કપ ઓફ નેશન્સના ચેમ્પિયન તરીકે ફરીથી સ્થાપિત થવા માટેની સેનેગલની અપીલ બુધવારે રમતગમતની સર્વોચ્ચ અદાલત (સીએએસ) દ્વારા નોંધવામાં આવી છે. આ કોર્ટે ફૂટબોલના ગરમાયેલા વિવાદમાં ચુકાદા તરફની લાંબી પ્રક્રિયા માટે કોઈ સમયમર્યાદા નક્કી કરી નથી. સેનેગલ ફૂટબોલ ફેડરેશન ગયા અઠવાડિયે કોન્ફેડરેશન ઓફ આફ્રિકન ફૂટબોલ (સીએએફ) દ્વારા લેવાયેલા એક આશ્ચર્યજનક નિર્ણયને પડકારી રહ્યું છે, જેમાં જાન્યુઆરીમાં મેદાન પર રમાયેલી અસ્તવ્યસ્ત ફાઈનલમાં જીતેલું ટાઇટલ છીનવી લેવામાં આવ્યું હતું અને યજમાન દેશ મોરોક્કોને આપી દેવામાં આવ્યું હતું. સ્વિટ્ઝર્લેન્ડમાં કોર્ટ ઓફ આર્બિટ્રેશન ફોર સ્પોર્ટ (CAS) માં અપીલ કરવાની ખાતરી ગયા અઠવાડિયે સેનેગલ સરકાર દ્વારા આપવામાં આવી હતી, જેણે આફ્રિકન ફૂટબોલ સંસ્થામાં શંકાસ્પદ ભ્રષ્ટાચાર અંગે આંતરરાષ્ટ્રીય તપાસની પણ માંગ કરી હતી. CAS એ એક નિવેદનમાં જણાવ્યું હતું કે સેનેગલ ફેડરેશને અપીલ બ્રીફ ફાઈલ કરવા માટે વધારાના સમયની માંગ કરી છે કારણ કે CAF એ હજુ સુધી તેના ચુકાદાને સમજાવવા માટેના વિગતવાર લેખિત કારણો આપ્યા નથી.

અદાલતે જણાવ્યું હતું કે, કાર્યવાહીના આ પ્રારંભિક તબક્કે અને સમયમર્યાદા સ્થગિત કરવાની (સેનેગલ ફેડરેશનની) વિનંતીને ધ્યાનમાં લેતા, પ્રક્રિયાની સમયરેખાનો અંદાજ લગાવવો અને સુનાવણી ક્યારે નક્કી કરવામાં આવશે તે જણાવવું શક્ય નથી.

# F1ની રેસમાં પાછો ફર્યો હોવાની લુઈસ હેમિલ્ટનની સાફ વાત

**વાસ્તવમાં** હું કોણ છું અને હું શું કરવા સક્ષમ છું તે મારે કોઇને જણાવવાની જરૂર નથી : હેમિલ્ટન



સુઝુકા (જાપાન), તા. 26 (એપી) : લુઈસ હેમિલ્ટને જણાવ્યું હતું કે તેણે તાજેતરમાં સવારનો ટ્રેનિંગ રન પૂરો કરીને તેની હોટલ પર પરત ફર્યો ત્યારે તે કવાયતને કારણે પરસેવે રેબઝેબ હતો, અને તેણે જોયું કે ફોર્મ્યુલા 1 ના તેના થોડા સાથી ડ્રાઈવરો તો ત્યારે જ જાગ્યા હતા.

41 વર્ષીય હેમિલ્ટને ગુરુવારે મધ્ય જાપાનના સુઝુકા ફોર્મ્યુલા 1 સર્કિટ ખાતે જણાવ્યું હતું કે હું જાણું છું કે જે ડ્રાઈવરો સામે હું રેસ કરી રહ્યો છું તેમાંથી કોઈએ ખાસ કરીને મારી આ ઉંમરે પણ મારા જેટલી સખત તાલીમ લીધી નથી અને મેં જે આપ્યું છે તે આપ્યું નથી. તેણે ઉમેર્યું કે મને તે ગમે છે કે મારી જાતને પુશ કરવાની મારી અંદર હજુ પણ તે ધગશ છે.

હેમિલ્ટનના માપદંડ મુજબ, તે વર્ષ અત્યંત ખરાબ હતું. તે એક પણ રેસ જીતી શક્યો નહોતો અને એક પણ વાર પોડિયમ પર આવી શક્યો નહોતો. તે ચાર વખત ચોથા સ્થાને રહ્યો હતો. હેમિલ્ટન અચાનક રેસમાં પાછળ રહી ગયેલા ડ્રાઈવર જેવો બની ગયો હતો. તેણે કહ્યુ કે વાસ્તવમાં હું કોણ છું અને હું શું કરવા સક્ષમ છું તે મારે કોઈને જણાવવાની જરૂર નથી.

# જાપાનીઝ ગ્રાન્ડ પ્રીના મીડિયા સેશનમાંથી વર્સ્ટાપેને પત્રકારને બહાર કઢાવ્યો

**ગત** વર્ષે આબુ ધાબી ગ્રાન્ડ પ્રી પછી ધ ગાર્ડિયનના પત્રકારે પુછેલા પ્રશ્ન સામે વર્સ્ટપિનને વાંધો હતો

**મીડિયા** સેશન પહેલા વર્સ્ટપિને કહ્યું કે જ્યાં સુધી તે પત્રકાર બહાર નહીં જાય ત્યાં સુધી હું બોલીશ નહીં



સુઝુકા (જાપાન), તા. 26 (એપી) : મેક્સ વર્સ્ટાપેને ગુરુવારે ફોર્મ્યુલા વનની જાપાનીઝ ગ્રાન્ડ પ્રીમાં એક નિર્ધારિત મીડિયા સેશનમાંથી એક પત્રકારને 'બહાર નીકળો' એવો આદેશ આપ્યો હતો, કારણ કે તેને ગયા વર્ષે આ પત્રકારે પૂછેલા એક પ્રશ્ન સામે વાંધો હતો.

જ્યારે રેડ બુલના હોસ્પિટાલિટી એરિયામાં પ્રશ્નોત્તરી સત્ર શરૂ થવાનું હતું, ત્યારે વર્સ્ટાપેને બ્રિટિશ અખબાર 'ધ ગાર્ડિયન'ના રિપોર્ટર ગાઈલ્સ રિચાર્ડ્સ તરફ ઈશારો કરતા કહ્યું કે જ્યાં સુધી તે પત્રકાર જશે નહીં ત્યાં સુધી હું બોલીશ નહીં.

રિચાર્ડ્સ જ્યાં વર્સ્ટાપેન બેઠો હતો તે ટેબલ પાસે જઈને પોતાની વાત રજૂ કરવાનો પ્રયત્ન કર્યો. વર્સ્ટાપેને તેને બહાર નીકળો એમ કહ્યું અને રિચાર્ડ્સ ત્યાંથી નીકળી ગયો. વર્સ્ટાપેને સંકેત આપ્યો હતો કે તેમને ડિસેમ્બરમાં સીઝનના અંતિમ આબુ ધાબી ગ્રાન્ડ પ્રી પછી રિચાર્ડ્સે પૂછેલા પ્રશ્ન સામે વાંધો હતો.

રિચાર્ડ્સે વર્સ્ટાપેનને પૂછ્યું હતું કે, લેન્ડો નોરિસ સામે બે પોઈન્ટથી ટાઈટલ ગુમાવ્યા બાદ શું તેને વર્ષની શરૂઆતમાં બનેલી તે ઘટનાનો પસ્તાવો થાય છે, જ્યારે સ્પેનિશ ગ્રાન્ડ પ્રીમાં તેમની ટક્કર જ્યોર્જ રસેલ સાથે થઈ હતી. તે ઘટનાને કારણે વર્સ્ટાપેનને ટાઇમ પેનલ્ટી મળી હતી, જેના લીધે ડચ ડ્રાઈવરે કિંમતી પોઈન્ટ્સ ગુમાવ્યા હતા. વર્સ્ટાપેને જવાબ આપ્યો હતો કે તમે મારી આખી સીઝનમાં બનેલી અન્ય બધી બાબતો ભૂલી ગયા છો. તમે માત્ર બાર્સેલોનાનો જ ઉલ્લેખ કરો છો. મને ખબર હતી કે આ વાત આવશે.

# આ વર્ષે એશિયન ગેમ્સમાં મેડલ જીતવો મીરાબાઈનું સૌથી મોટુ લક્ષ્ય

**મીરાબાઇ** પાસે ઓલિમ્પિક્સ, વર્લ્ડ ચેમ્પિયનશિપ અને કોમનવેલ્થ ગેમ્સના મેડલ છે પણ એશિયન ગેમ્સનો મેડલ નથી



રાયપુર, તા. 26 (પીટીઆઇ) : ટોક્યો ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ વિજેતા વેઈટલિફ્ટર મીરાબાઈ ચાનુએ કહ્યું કે આ વર્ષે એશિયન ગેમ્સમાં મેડલ જીતવો એ તેમનું સૌથી મોટું લક્ષ્ય છે.

મીરાબાઈ ચાનુ એક દાયકાથી વધુ સમયથી ભારતીય વેઈટલિફ્ટિંગનો ચહેરો રહી છે. એશિયન ગેમ્સનો મેડલ એ એકમાત્ર સિદ્ધિ છે જે તેણે હજુ સુધી તેના શાનદાર કારકિર્દીમાં ઉમેર્યો નથી. તેની પાસે ટોક્યો ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ, ત્રણ વર્લ્ડ ચેમ્પિયનશિપ મેડલ અને ત્રણ કોમનવેલ્થ ગેમ્સ મેડલ પણ છે.

ચાનુએ અહીં ખેલો ઈન્ડિયા ટ્રાઈબલ ગેમ્સના ઉદ્ઘાટન સમારોહ પછી એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું કે એશિયન ગેમ્સ મારા માટે વ્યક્તિગત રીતે ખૂબ જ મહત્વપૂર્ણ છે કારણ કે ત્યાં મારું કામ પૂર્ણ થયું નથી. એશિયન ગેમ્સમાં સ્પર્ધાનું સ્તર ખૂબ ઊંચું છે, જે તેને વધુ પડકારજનક અને રોમાંચક બનાવે છે. ચાનુની એશિયન ગેમ્સની સફર ખૂબ જ મુશ્કેલ રહી છે. 2014ની એશિયન ગેમ્સમાં તેણીએ પોતાની શરૂઆત નવમા સ્થાને રહી હતી, જ્યારે પીઠની ઈજાને કારણે તેણે 2018 ની આવૃત્તિ ગુમાવી હતી.

## અનુસંધાન ... પાના પહેલાનું

### દિલ્હી ડાયરી...

#### દિલ્હીના ટ્યૂલિપ ફેસ્ટિવલ પર ગરમીનો માર

આ વર્ષે દિલ્હીમાં લોકો ટ્યૂલિપ ફેસ્ટિવલની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા, પરંતુ આ ઉત્સવ આબોહવા પરિવર્તનનો ભોગ બનતાં લોકોને મોટો આંચકો લાગ્યો છે. આ ફેસ્ટિવલ ૨૩ ફેબ્રુઆરીએ શરૂ થયો હતો અને ૧૦ માર્ચ સુધી ચાલવાનો હતો. જોકે, અપેક્ષા કરતાં વધુ વહેલા વધેલા તાપમાનને કારણે ફૂલો વહેલા કરમાઈ ગયા અને નાશ પામ્યા. દિલ્હીના સંબંધિત અધિકારીઓ છેલ્લાં પાંચ વર્ષથી નેધરલેન્ડથી ટ્યૂલિપના બલ્બ (ગાંઠો) મંગાવી રહ્યા છે. આ ફૂલોને રાજધાનીના મુખ્ય સર્કલો, લ્યુટિયન્સ દિલ્હી અને રાજદ્વારી વિસ્તારમાં આવેલા શાંતિપથની બંને બાજુએ વાવવામાં આવ્યા હતા. આ વર્ષે પણ ૨ કરોડ રૂપિયાથી વધુના ખર્ચે પાંચ લાખથી વધુ ટ્યૂલિપ બલ્બ મંગાવવામાં આવ્યા હતા. જોકે, ફેબ્રુઆરી મહિનો ખૂબ જ ગરમ રહેતા આ ફેસ્ટિવલ અધવચ્ચે જ નિષ્ફળ ગયો. એ હકીકત છે કે, છેલ્લાં બે વર્ષની સરખામણીમાં આ વર્ષે ફેબ્રુઆરીમાં દિલ્હીમાં તાપમાન ઘણું ઊંચું નોંધાયું હતું અને માર્ચમાં તાપમાન વધુ વધ્યું હતું. ટ્યૂલિપ્સ ઠંડા વાતાવરણમાં ઉગે છે, તેમ છતાં પાછલા વર્ષોમાં મળેલી સફળતાથી પ્રોત્સાહિત થઈને દિલ્હી સરકારે આ વર્ષે વધુ ટ્યૂલિપ બલ્બનો ઓર્ડર આપ્યો હતો.

#### પંજાબના ખેડૂતોનું ઈરાનને સમર્થન

પશ્ચિમ એશિયાના સંકટની વચ્ચે પંજાબના ખેડૂતોએ ઈરાનના સમર્થનમાં મોટું પ્રદર્શન કર્યું. કાશ્મીર પછી પંજાબ બીજું એવું રાજ્ય બન્યું છે જેણે ઈરાનના લોકો પ્રત્યે સહાનુભૂતિ અને સમર્થન વ્યક્ત કર્યું છે. એવું જણાય છે કે, પંજાબના ખેડૂતોએ ભારત-અમેરિકા વેપાર કરાર સામે પોતાનો રોષ વ્યક્ત કરવા માટે પણ આ વિરોધ કર્યો હતો. તેઓને મજબૂતપણે લાગે છે કે, આ કરારને કારણે કૃષિ ક્ષેત્ર અમેરિકા માટે ખુલ્લું મુકાશે, જેની તેમના અસ્તિત્વ પર ગંભીર અસર પડશે. તેથી, કદાચ તેઓએ ભારત-અમેરિકા વેપાર સંધિનો વિરોધ કરવા માટે એક અનોખો રસ્તો વિચાર્યો અને તે હતો ઈરાનને સમર્થન આપવાનો.

### વડાપ્રધાન, ચૂંટણી પંચ...

ગુનો દાખલ કરવામાં આવ્યો છે. FIR મુજબ, 1 મિનિટ 17 સેકન્ડનો આ વીડિયો સમાજમાં રમખાણો કરાવવાના ઈરાદાથી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પોસ્ટ કરવામાં આવ્યો હતો અને સત્તાવાળાઓ દ્વારા સામગ્રી ડિલીટ કરવાની સૂચના આપવા છતાં X એ તેને પ્રસારિત થવા દીધી હતી.

### ગભરાશો નહીં!...

ગભરાટમાં ખરીદી અને લાંબી કતારોના અહેવાલો વચ્ચે પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે ક્રૂડ ઓઈલ, ઈંધણ અને એલપીજીના સ્ટોકની વિગતો જાહેર કરી હતી જેથી લોકોનો ડર દૂર કરી શકાય.

સાથે-સાથે, સરકારી માલિકીની ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ પણ જણાવ્યું હતું કે, પેટ્રોલ, ડીઝલ અથવા લિક્વિફાઈડ પેટ્રોલિયમ ગેસ (એલપીજી)ની કોઈ અછત નથી અને પુરવઠો સ્થિર છે.

એક નિવેદનમાં મંત્રાલયે જણાવ્યું હતું કે, દેશભરના તમામ પેટ્રોલ પંપો પર પૂરતો સ્ટોક છે અને તેઓ સામાન્ય રીતે કાર્યરત છે, જેમાં પેટ્રોલ કે ડીઝલના રેશનિંગની કોઈ જરૂર નથી.

કેટલાક પેટ્રોલ પંપો- ખાસ કરીને નાના નગરોમાં, ઓઈલ કંપનીઓએ તેમને 'કેશ-એન્ડ-કેરી' (રોકડમાં ચુકવણી કરીને માલ મેળવો) પર રાખ્યા બાદ ઈંધણ ઉપાડવામાં મુશ્કેલી અનુભવી રહ્યા હતા, તેને ધ્યાનમાં રાખીને મંત્રાલયે જણાવ્યું હતું કે, પંપ માલિકોની કાર્યકારી મૂડીની સમસ્યાઓને કારણે કોઈ પંપ પર પેટ્રોલ અને ડીઝલની અછત ન સર્જાય તે સુનિશ્ચિત કરવા માટે પેટ્રોલ પંપોને અપાતી ક્રેડિટ અગાઉના એક દિવસથી વધારીને ત્રણ દિવસથી વધુ કરવાના પગલાં લેવામાં આવ્યા છે.

"દેશમાં ક્યાંય પણ પેટ્રોલ, ડીઝલ કે એલપીજીની કોઈ અછત નથી." તેમ જણાવતાં મંત્રાલયે ભારપૂર્વક કહ્યું હતું કે, ''દેશની પેટ્રોલિયમ અને એલપીજી સપ્લાયની સ્થિતિ સંપૂર્ણપણે સુરક્ષિત અને નિયંત્રણમાં છે.'' બધા જ રિટેલ ફ્યુઅલ આઉટલેટ્સ (પેટ્રોલ પંપ) પર પૂરતો જથ્થો હોવાનું જણાવતાં મંત્રાલયે નાગરિકોને વિનંતી કરી છે કે તેઓ ગભરાટ ફેલાવવા માટે જાણીજોઈને ચલાવવામાં આવતા ખોટા પ્રચારથી ગેરમાર્ગે ન દોરાય.

એલપીજી (રસોઈ ગેસ) વિશે, જેનો પુરવઠો હોર્મુઝની સામુદ્રધુનીના બંધ થવાને કારણે ઓછો થયો હતો (કારણ કે ભારતનો મોટા ભાગનો પુરવઠો ત્યાંથી આવતો હતો), મંત્રાલયે જણાવ્યું હતું કે 800,000 ટન એલપીજી કાર્ગો મેળવી લેવામાં આવ્યો છે અને એક આખા મહિનાના પુરવઠાની પાકી વ્યવસ્થા કરવામાં આવી છે.